**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૪૦.૨ ડીગ્રી
લઘુતમ : ૨૭.૦ ડીગ્રી
ભેજ
સવારે ૭૧ ટકા ● સાંજે ૨૬ ટકા

# આખા શહેરમાં શાકભાજી વેચાય પણ મીનાબજારમાં લારીવાળાઓને હટાવાય છે...!!

## શાકભાજી રોજીંદા જીવનજરૂરિયાતની ચીજવસ્તુ હોવા સાથે તેના વેચાણ પર રોકટોક નથી તો મીના બજારમાં કેમ લારીઓ હટાવાય છે? સે-૨૧ તથા સે-૨૪ સહિતના શહેરના તમામ શાકમાર્કેટ ધમધમે છે તો આ લારીવાળાઓ માટે બેવડાં કાટલાં કેમ?

ગાંધીનગર, તા.૧૧
ગાંધીનગરમાં એક તરફ શાકભાજીને રોજીંદા જીવન જરૂરિયાતની ચીજવસ્તુ ગણીને તેના વેચાણ પર કોઈ રોકટોક મુકવામાં આવી નથી જેના કારણે શહેરના સેકટર-૨૪ કે સેકટર-૨૧ સહિતના લગભગ તમામ શાકમાર્કેટ યથાવત રીતે ચાલુ છે જયારે બીજી તરફ શહેરના જુના બજાર પાસેના મીનાબજાર ખાતે વર્ષોથી શાકભાજીનો ધંધો કરતા લારીવાળા શ્રમજીવી વેપારીઓને છેલ્લાં ચારેક દિવસથી તેમના ધંધાના પીક અવર્સ એટલે કે સાંજના ૪ વાગ્યા પછી પોલીસ દ્વારા હટાવી દેવામાં આવે છે જેના કારણે આ મધ્યમ વર્ગીય વેપારીની હાલત કફોડી થઈ રહી છે અને તેમને પોતાના શાકભાજીનો સ્ટોક બગડવા લાગતા ઢોરને





ખવડાવી દેવાની નોબત આવી રહી છે તેમજ કોરોનાના કપરા કાળમાં આર્થિક નુકસાન વેઠવું પડી રહ્યું છે.

મીના બજાર ખાતેના શાકભાજીના લારીવાળાઓને છેલ્લા ચાર પાંચ દિવસથી કોઈ અગમ્ય કારણોસર બપોર પછી તેમની લારીઓ હટાવી દેવાની ફરજ પોલીસ દ્વારા પાડવામાં આવી રહી છે. શહેરમાં તમામ માકમાર્કેટ ચાલુ હોવા સાથે દરેક વિસ્તારમાં શાકભાજીની લારીઓવાળા તેમનો ધંધો કરી રહ્યાં છે, દરેક સોસાયટીમાં શાકભાજીની લારીઓ સવાર-સાંજ ફરતી જોવા મળે છે ત્યારે મીના બજારમાં શાકની લારીવાળાઓ સાથે આવાં બેવડાં કાટલાવાળુ વર્તન કેમ કરવામાં આવી રહ્યું છે તેવું લારીઓવાળા પુછી રહ્યા છે. મીનાબજારનો મુખ્ય ધંધો સચિવાલય પર આધારિત છે અને અત્યારની સ્થિતિમાં એક તરફ સચિવાલયનો સ્ટાફ મર્યાદિત સંખ્યામાં જ હાજર રખાતો હોવાથી ઓલરેડી લારીવાળાઓ માટે ધંધામાં મંદી ચાલી રહી છે. આ શાકભાજી વાળાઓનો મુખ્ય વેપાર સાંજની ચાની રીશેષ સમયે અને સચિવાલય છુટે ત્યારે જ થતો હોય છે એટલે તેઓ આખો દિવસ લારી લઈને ઉભા રહે પરંતુ વેપાર નહીવત થાય છે અને જયારે વેપાર કરવાનો ખરો સમય આવે ત્યારે જ પોલીસ તેમને ત્યાં હટાવવા આવી જાય છે. બપોરે ધોમધખતી ગરમીમાં ગ્રાહક વગર ઉભા રહેતા લારીવાળાઓ સાંજે ઘરાકીની આશા સેવી રહ્યા હોય છે પરંતુ તેમની રોજગારી પર પોલીસ વિલન બનીને ત્રાટકી રહી છે ત્યારે મીનાબજારના શાકના વેપારીઓ સાથે આવું વર્તન કેમ થઈ રહ્યું છે તે સવાલો ઉઠવા પામી રહ્યા છે. શાકભાજીના વેપારીઓના જણાવ્યા મુજબ તેઓ માસ્ક-સેનેટાઈઝર વગેરેનું પાલન પણ કરી રહ્યા હોવા છતાં તેમને વેપાર કેમ કરવા દેવામાં આવતો નથી તે સમજાતું નથી.

## જન્મદિને વધામણી



**મહેન્દ્રભાઈ ત્રિવેદી**
અધ્યક્ષ
પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડ
મો. ૯૮૨૫૦ ૩૫૮૩૩



**યુવરાજ રોહિત**
મો. ૮૫૧૧૭ ૭૮૩૦૫



**બી બી સિંહ**



**જિતેન્દ્ર વી શાહ**
ગુજરાત ઈતિહાસ પરિષદ
મો. ૯૪૨૮૮ ૦૩૨૫૮



**નિહાન અલ્પ પટેલ**
મો. ૯૯૦૪૩ ૫૩૯૩૦




**ભાવના વી. રાઠોડ**
મો. ૯૪૨૭૬ ૦૭૧૩૭



**શશિકાન્ત મોઢા**
સૌરાષ્ટ્ર કચ્છ-સમાજ



**વિનોદચંદ્ર ગોર**
મો. ૯૯૨૪૩ ૩૧૧૯૭



**પુષ્કરાજસિંહ ચૌહાણ**



**શિરિષભાઈ વર્મા**
સૌરાષ્ટ્ર કચ્છ-સમાજ

## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ




ઘરમાં ગોદડા કેટલા છે??...
કોરોનાના પહેલા વેવમાં સીંગલ માસ્ક, બીજામાં ડબલ માસ્કનો નિયમ આવ્યો છે એ પ્રમાણે, આપણે ત્રીજા વેવમાં ગોદડા ઓઢીને જ બાર જવાનું આવશે....

# શહેરીજનોની પ્રાથમિક સુવિધાઓ પ્રત્યે નિષ્પક્ષ રીતે પ્રયાસ કરો : વસાહત મહાસંઘ

ગાંધીનગર, તા. ૧૧
ગાંધીનગર મહાનગર પાલિકાના સરકાર દ્વારા મ્યુનિસિપલ કમિશનરને વહિવટદાર તરીકે નીમવામાં આવ્યાં છે જે બાબતને શહેર વસાહત મહાસંઘે આવકારી અભિનંદન પાઠવતા નાગરિકોને પડતી મુશ્કેલીઓ દુર કરવા માટે મ્યુ. કમિશનર સમક્ષ વાદવિવાદ છોડી નિષ્પક્ષ રીતે પ્રયત્નશીલ બનવા અપેક્ષા વ્યક્ત કરવામાં આવી છે.

હાલના સમયમાં કોરોનાની કપરી પરિસ્થિતિમાં સેકટરમાં વધુને વધુ નાગરિકો દિનપ્રતિદિન સંક્રમિત થતાં જાય છે, શહેના વસાહતીઓને દવાખાનામાં દાખલ થવામાં મુશ્કેલી પડવા સાથે દવાઓ પણ પુરતી મળતી નથી જેથી અપુરતી સારવારને કારણે દર્દીઓ મોતને ભેટી રહયા છે તેનો ઉલ્લેખ કરતાં વસાહત મહાસંઘ દ્વારા મનપાનું વહીવટી તંત્ર તદ્દન નિષ્ફળ ગયું હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે. મહાસંઘના મતે મ્યુ. કમિશનર દ્વારા સિવિલ હોસ્પિટલની મુલાકાત લઈને દર્દીઓના ખબર અંતર પુછવામાં આવ્યાં પરંતુ તે પછી પણ તંત્રમાં કોઈ સુધારો જણાયેલ નથી કારણ કે મનપાનું કાર્યક્ષેત્ર ફક્ત શહેરના સેકટરોમાં સાફસફાઈ કરાવવા, મિલકતવેરો ઉઘરાવવો તથા અન્ય ટેક્ષ લેવા સિવાય સરકારે આરોગ્યલક્ષી સેવાઓ શિક્ષણ મકાન અને માર્ગ વિભાગને લગતી જમીનને લગતી કામગીરી ફક્ત સીટી સર્વે, ટાઉન પ્લાનિંગ નકશા મંજૂર કરવા જેવી અધુરી કામગીરી સોપવામાં આવેલ છે તેમ છતાં સેકટરોમાં પુરતી સાફસફાઈ થતી નથી, વસાહતોના કોમનચોકમાં સાફસફાઈ થતી નથી જેના કારણે ઠેર ઠેર કચરાના ઢગલાઓ ખડકાયા છે. હાલની કોરોનાની મહામારીમાં સેકટરોમાં સેનેટાઈઝીંગ કરવામાં આવતું નથી, સેકટરોમાં અસંખ્ય રખડતાં ઢોર ગાયોનો ત્રાસ વધી ગયેલ છે, સેકટરમાં મનપાના અધિકારીઓ કે સેનેટર સુપરવાઈઝર પણ દેખાતા નથી, સેકટરમાં બાગબગીચાનું રિનોવેશન કામગીરી બંધ કરી દેવામાં આવેલ છે જે દર્શાવે છે કે શહેરમાં સમસ્યાઓ સંભાળનાર તંત્ર નિષ્ફળ ગયેલ છે. દર વર્ષે શહેરના નાગરિકોના મિલકતવેરા પેટે અઢળક નાણાં વસુલવામાં આવે છે સરકારી તથા અન્ય અબજો રૂપિયાની ગાન્ટ મહાનગર પાલિકાની તિજોરીમાં શહેરના વિકાસ અને શહેરના નાગરિકોની સુખ સુવિધાઓ માટે ફાળવણી કરવામાં આવે છે. પરંતુ નાગરિકો દ્વારા મિલકતવેરો ભરવા છતાં પ્રાથમિક સુખ સુવિધાઓ પણ મળતી નથી જે દુ:ખદ બાબત છે તેવી રજુઆત સાથે ગાંધીનગરના નાગરિકોને પડતી મુશ્કેલીઓ અંગે સત્વરે કાર્યવાહી હાથ ધરવામાં આવે તેવી અપેક્ષા વસાહત મહાસંઘના પ્રમુખ કેશરીસિંહ બિહોલા દ્વારા મ્યુ.કમિશનર સમક્ષ વ્યક્ત કરવામાં આવી છે.


# સેકટર-૨૧માંથી પલ્સર બાઈકની ચોરી

ગાંધીનગર નજીક આવેલા શાહપુર ગામના પ્રજાપતિ વાસ ખાતે રહેતા ૨૦ વર્ષિય રાહુલ પ્રજાપતિ પોતાના પરિવાર સાથે રહે છે અને સેકટર-૨૧ ખાતે વોડાફોન અને આઈડીયા કંપનીમાં ડેટા એન્ટ્રી ઓપરેટર તરીકે કામ કરે છે. રાહુલ શાહપુર થી નોકરી આવન જાવન માટે ફેબુઆરી-૨૧ માં પલ્સર બાઈકની ખરીદી કરી હતી. ગત તા.૮-૫-૨૧ ના રોજ સાંજના આશરે પાંચ વાગે રાહુલ પલ્સર બાઈક લઈને આવ્યો હતો. તેણે બાઈક સૌરાષ્ટ્ર ફરસાણ હાઉસની ગલીમાં જોકર પકડાની દુકાન પાસે પાર્ક કર્યું હતું. તે સમયે ભુલ થી ચાવી અંદર રહી જતા ઓફિસ ખાતે ગયો હતો. ત્યારબાદ રાત્રીના ૧૧ વાગે નીચે ઉતરીને જોતા બાઈક નં. જી.જે.૧૮.ડી.એલ.-૦૭૨૬ ન હતું. જેથી સ્ટાફના કર્મચારીઓને પણ પુછતાછ કરીને આસપાસના વિસ્તારમાં બાઈકની શોધખોળ કરી હતી. પરંતુ બાઈક મળી ન આવતા આખરે રાહુલ પ્રજાપતિની ફરીયાદને પગલે પોલીસે બાઈકની કિંમત રૂ.૮૦ હજાર ગણી બાઈક ચોરને પકડી પાડવા માટે ચક્રો ગતિમાન કર્યા છે.

# નિસર્ગ કૉમ્યુનિટી સાયન્સ સેન્ટર દ્વારા રાષ્ટ્રીય ટેકનોલોજી દિવસની ઉજવણી કરાઈ

ગાંધીનગર, તા.૧૧
સમગ્ર ભારતમાં ૧૧ મે રાષ્ટ્રીય ટેકનોલોજી દિવસ તરીકે ઉજવવામાં આવે છે. તા ૧૧/૦૫/૧૯૯૮ ના રોજ પોખરણ ખાતે ભારતે સફળતા પૂર્વક પરમાણુ પરિક્ષણ કર્યું હતું તેમજ આ દિવસે બેંગ્લોર ખાતે ત્રિશુલ મિસાઈલનું સફળ પરીક્ષણ કરવામાં આવ્યું હતું ત્યારથી ભારત સરકારે દર વર્ષે ૧૧ મી મે ને રાષ્ટ્રીય ટેકનોલોજી દિવસ તરીકે ઉજવવાનું નક્કી કર્યું છે.નિસર્ગ સાયંસ સેન્ટર દ્વારા પણ આ દિવસની ઉજવણીના ભાગ રૂપે વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ વર્ષે કોરોનાની પરિસ્થિતિ કારણે સાયંસ સેન્ટર દ્વારા ઓનલાઈન પોપ્યુલર લેકચર અને જૂની-નવી ટેકનોલોજી આધારિત સાધનોના નિદર્શન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. પોપ્યુલર લેકચરનો વિષય ઓલ્ડ એન્ડ ફ્યુચર ટેકનોલોજી રાખવામાં આવ્યો હતો. નિસર્ગ સાયંસ સેન્ટરના મેનેજીંગ ટ્રસ્ટી ડો.અનિલભાઈ પટેલે વિદ્યાર્થીઓને જુદા-જુદા ક્ષેત્રોમાં ભવિષ્યમાં આવનારી ટેકનોલોજી વિષે રસપ્રદ માહિતી આપી હતી. વિવિધ




ક્ષેત્રો જેવા કે ખેતી, સરંક્ષણ, આરોગ્ય, ઉદ્યોગો, વાહન વ્યવહાર વગેરે ક્ષેત્રોમાં આવનારા વર્ષોમાં કેવી ક્રાંતિ આવશે અને વિશ્વમાં વપરાતી નાવીન્ય ટેકનોલોજી વિષે વિદ્યાર્થીઓને માહિતગાર કર્યા હતા.

વિદ્યાર્થીઓને જૂની ટેકનોલોજી આધારિત વિવિધ સાધનો જેવા કે ગ્રામોફોન રેકોર્ડર, કેસેટ પ્લેયર, રેડિયો, પેઝર, જુના લેન્ડલાઈન ફોન, કેમેરા, વીસીઆર દેખાડવામાં આવ્યા હતા. તેમજ હાલની લેટેસ્ટ ટેકનોલોજી જેવી કે થ્રીડી પ્રિન્ટર, એમેઝોન એલેકઝા, ગુગલ ગ્લાસ વગેરેની માહિતી આપવામાં આવી હતી. આ કાર્યક્રમમાં ૧૨૨ જેટલા વિદ્યાર્થીઓ જોડાયા હતા. કાર્યક્રમના અંતે વિદ્યાર્થીઓ દ્વારા પૂછવામાં આવેલા પ્રશ્નોના સંતોષ કારક જવાબો આપવામાં આવ્યા હતા.

## ખૂણેખાંચરેથી

● જીએમઈઆરએસના તબીબી અધ્યાપકો અને સરકાર વચ્ચે આજે સૌહાર્દપૂર્ણ વાતાવરણમાં સકારાત્મક અભિગમ સાથે વાતચીતો થઈ છે.

● ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે ૩૯૬૩ લોકોને કોરોના વેક્સિનેશન અંતર્ગત આવરી લેવામાં આવ્યા હતા.

● જિલ્લા આરોગ્ય તંત્ર દ્વારા આજે કોરોના વેક્સિનેશન, એમ.આર. તથા ટી.બી.ને લઈ બે વાર વેબમીટ યોજાઈ હતી. આ બન્ને વેબમીટમાં જિલ્લાના મુખ્ય આરોગ્ય અધિકારી સોલંકીએ માર્ગદર્શન આપ્યું હતું.

● મહાત્મા મંદિર ખાતે નિર્માણ પામી રહેલ ૯૦૦ બેડની કોવિડ હોસ્પિટલમાં ૨૦૦ વેન્ટીલેટરની સુવિધા હશે.

● આગામી પાંચ દિવસ આકાશ ચોખ્ખુ રહેશે. મહત્તમ તાપમાન ૪૧-૪૨ ડિગ્રી સે. અને લઘુત્તમ તાપમાન ૨૬-૨૮ ડિગ્રી સે. રહેવાની સંભાવના છે. પવનની સરેરાશ ગતિ ૧૩ થી ૧૯ કિ.મી. પ્રતિ કલાક રહેવાની સંભાવના છે જ્યારે હવામાં ભેજનું પ્રમાણ ૧૨ થી ૬૯ ટકા વચ્ચે રહેવાની સંભાવના હવામાન પૂર્વાનુમાનમાં વ્યક્ત કરાઈ છે.

● ગાંધીનગર જિલ્લામાં એન.એફ.એસ.એ. કાર્ડ ધારકોને અનાજ વિતરણનો આજથી આરંભ થયો છે.

● સચિવાલય સેકશન ઓફિસર્સ એસોસિએશન એ સચિવાલય સંકુલમાં વેકિસનેશન સેન્ટર પુનઃ કાર્યરત કરવાની માંગ સાથે સરકારને પત્ર લખ્યો છે.

# કહીં ખુશી, કહીં ગમ : કયાંક કાળમુખા કોરોનાનો કાળો કેર તો કયાંક આશાનું કિરણ...!!

## કપરા કોરોનાકાળમાં બે વિરોધાભાસી ઘટના નાગરિકો માટે ચેતવણીરૂપ હોવા સાથે આત્મવિશ્વાસ નહીં ગુમાવવાનો સંદેશ આપે છે

ગાંધીનગરમાં કોરોનાની બીજી લહેર શહેરમાં અનેક પીડાદાયક ઘટનાઓ આપી રહી છે અને કેટલાંય પરિવારો એવા છે જેમાં એક કરતા વધુ સભ્યો કોરોનાનો કોળિયો થઈ જવા પામ્યા છે. બીજી તરફ શહેરમાં એવા પણ નાગરિકો છે જેઓ અશકત કે વયોવૃધ્ધ હોવા છતાં કોરોનાને મકકમ મનોબળના સહારે હાર આપવામાં સફળ થયા છે. જેઓ શહેરીજનો માટે માનસિક રીતે તુટી નહીં જવા પ્રેરણાત્મક ઉદાહરણ બની રહ્યા છે શહેરમાં તાજેતરમાં આવી બે વિરોધાભાસી ઘટના સર્જાઈ છે જે એક તરફ નાગરિકોને કોરોના પ્રત્યે ગંભીરતા દાખવી તેને સ્હેજ પણ હળવાશથી ના લેવા સૂચવે છે તો બીજી તરફ આ સમયે પોતાનું મનોબળ ટકાવી રાખવા કોરોનાને હરાવવા આત્મવિશ્વાસુ બનવા પણ પ્રેરે છે.

**● એક જ સપ્તાહમાં પરિવારના ત્રણ સભ્યોને કોરોના ભરખી ગયો**

શહેરના સેક્ટર-૭ માં રહેતા અને સેક્ટર-૧૬ની બેંક ઓફ ઈન્ડિયામાં કાર્યરત ૨૮ વર્ષીય યુવાન બેંકિંગ ઓફિસર રોનક ડુમાસિયા પરિવાર સહિત કોરોનાગ્રસ્ત થયાં હતા જેમાં તેમના માતા-પિતા અને દાદીનો સમાવેશ થાય છે. આ દરમ્યાન સપ્તાહ અગાઉ તેમના કાકા કોરોનાગ્રસ્ત થઈને જીવ ગુમાવી ચુક્યાં હતા તેનું દુ:ખ પરિવાર પર હતુ પરંતુ પરિવારજનોને ક્યાં ખબર હતી કે તેમના પર કોરોના નામની વિજળી ત્રાટકવાની છે. તા. ૨જી મે ના દિવસે આ આશાસ્પદ યુવાન રોનક ડુમાસીયા તેમનો કોરોના સામેનો જંગ હારી ગયાં જેના માત્ર બે દિવસ પછી તા. ૪ થી મે એ તેમના દાદી કાંતાબેને પણ કોરોનાને કારણે જીવ ગુમાવ્યો હતો. આટલુ જાણે કોરોના રાક્ષસને ઓછુ પડ્યું હોય તેમ



KANTABEN DUMASIA



MUKESH DUMASIA



RONAK DUMASIA

વધુ બે દિવસ પછી એટલે કે તા. ૬ઠ્ઠી મે ના રોજ રોનકના પિતા તાજેતરમાં નિવૃત થયેલા સરકારી કર્મચારી ૫૮ વર્ષીય મંગેશભાઈ ડુમાસીયાને પણ ચાલુ સારવારે હાર્ટ એટેક આવી જતા તેમનું કરૂણ અવસાન થવા પામતા સમગ્ર પરિવાર પર જાણે આફત આવી પડી હતી. માત્ર એક જ સપ્તાહમાં પરિવારમાં ત્રણ સભ્યોના મૃત્યુ થયાં હતા અને આ સમયે રોનકના માતા કોરોનાગ્રસ્ત હતા. સદભાગ્યે હવે રોનકના માતાની તબિયત ખૂબ સુધારા પર છે અને કોરોનાના જોખમથી બહાર આવી ગયા છે. બેંક દ્વારા સ્વ. રોનક ડુમાસિયાના અવસાનને પગલે નિયમાનુસાર આર્થિક વળતર ચુકવાયું ત્યારે તેમના માતાનો એક જ સવાલ હતો કે હવે આ નાણાંનું હું શું કરૂ જ્યારે મારો પરિવાર જ નથી રહ્યો ? અત્રે ઉલ્લેખનીય છે કે રોનક ડુમાસીયા તેમના પિતા અને બે કાકાઓના પરિવારમાં એક માત્ર પુત્ર હતા.

**● ૮૩ વર્ષના તિલોતમાબેને આત્મબળના સહારે કોરોનાને હરાવ્યો..!!**

કોરોના એક એવી મહામારી છે જે અત્યંત ગંભીર છે અને જેની બીજી લહેરમાં અનેક જોશથી તરવરિયા યુવાનો કે મરદ મુછાળા પણ જીવનનો જંગ કવેળાએ હારી રહ્યાં છે જેના કારણે ચોતરફ શોકનું વાતાવરણ પ્રસરેલુ અનુભવાઈ રહ્યું છે. આ મહામારી માટે એવું કહેવાય છે કે તે બિમાર અને વૃદ્ધો માટે ખૂબ જોખમી છે પરંતુ આપણી આસપાસ એવા અઢળક કિસ્સા જોવા મળી રહ્યાં છે કે જેમાં વયોવૃદ્ધ દર્દીઓ પણ કોરોનાને મ્હાત આપી રહ્યાં છે. ગાંધીનગરના સેક્ટર-૨૪ માં રહેતા ૮૩ વર્ષીય તિલોતમાબેન ભટ્ટ પણ તેનું જીવતુ જાગતું ઉદાહરણ છે જેમણે પરિવારના અન્ય સભ્યો સાથે સંક્રમિત થવા છતાં પોતાના મક્કમ મનોબળના સહારે કોરોના મહામારીને હરાવી છે અને સાજા થઈને કોરોનાથી ગભરાઈ જતાં દર્દીઓ માટે પ્રેરણારૂપ બન્યાં છે.

તિલોતમાબેનના પરિવારમાં તેમના પેથોલોજીસ્ટ પુત્રવધુ ડૉ. દેવાંશી ભટ્ટ અને પૌત્ર મુંજ ભટ્ટ કોરોનાગ્રસ્ત થયા બાદ પુત્રવધુ સંધ્યાબેન પણ સંક્રમિત થયાં હતા. આ કારણે પરિવારને તિલોતમાબેનની ચિંતા સતાવતી હતી કેમકે તેઓ વયોવૃદ્ધ હોવાથી જો તેમને સંક્રમણ લાગુ પડશે તો શું થશે ? અને, પરિવારની ચિંતા ત્યારે વધી ગઈ જ્યારે ૮૩ વર્ષીય તિલોતમાબેનને ખાંસી-ઉધરસ



આવતા કરાવાયેલો કોરોના રિપોર્ટ પોઝીટીવ આવ્યો જેમાં તેમની સીટી વેલ્યુ ૨૭ હતી. જો કે તિલોતમાબેને સ્હેજપણ હિંમત ગુમાવી નહોતી અને આ દરમ્યાન તેમને શરીરમાં ભરપૂર અશક્તિ અનુભવવા સાથે સ્વાદ જતો રહ્યો હોવાથી ખોરાક ભાવતો નહોતો. જીભ પર કડવાશ અનુભવતા તિલોતમાબેનને પરિવારજનો તરફથી સતત લિકવીડ-ખોરાક આપવામાં આવ્યો હતો જેમાં નાળિયેર પાણીની માત્રા વધુ રાખવામાં આવી હતી. ઘરમાં મોટા ભાગના સભ્યો ક્વોરોન્ટાઈન હતા તેથી નજીકમાં જ રહેતા તેમના બીજા પુત્રવધુ વંદનાબેન ભટ્ટ જરૂરી વ્યવસ્થા પુરી પાડવામાં મદદરૂપ થતાં હતા. સતત ૧૪ દિવસના સમયગાળા દરમ્યાન તિલોતમાબેન પ્રભુ ભજનમાં તેમજ વડોદરા ખાતે રહેતી તેમની દિકરીઓ સાથે વાતચીત કરી સમય પસાર કરતાં હતા. એક તબક્કે તો તેમની નબળાઈ વધી જતા તેમને બોટલ ચઢાવવી પડી હતી પરંતુ એમ આસાનીથી હાર માની લે તેવા તિલોતમાબેન નથી. આખરે તેમણે કોરોનાને હરાવ્યો અને હવે તેમનો રિપોર્ટ નેગેટીવ આવી ગયો છે. તિલોતમાબેનનો આત્મવિશ્વાસ ગજબનો છે પણ જેના સહારે તેમણે કોરોના સામે જીત મેળવી છે અને તેઓ કહે છે કે "મને મારા ભગવાન પર પુરી શ્રદ્ધા હતી કે તે મને કંઈ નહીં થવા દે."